ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩



### ફિલ્મી ઢબે માલિક પર કાર ચઢાવવાનો પ્રયાસ : સમગ્ર ઘટના CCTVમાં કેદ

# હાલોલ નજીક હોટલમાં મોડીરાત્રે તોડફોડ

**યુવકો અમદાવાદના** 'જીલિયા ગ્રુપ'ના હોવાનું સામે આવ્યું

(પ્રતિનિધિ) હાલોલ તા.30
હાલોલ નગરમાં ગત બુધવારે મોડી રાત્રે હાઈવે પર આવેલી એક હોટલ પર જમવા બાબતે નશામાં ધૂત યુવકોએ ભારે આતંક મચાવ્યો હોવાની ચકચારી ઘટના સામે આવી છે. 5 જેટલા નશાખોર યુવકોએ હોટલમાં ઘૂસી તોડફોડ કરી લૂંટ ચલાવતા વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, હાઈવે હોટલ પર જમવા બાબતે યુવકો અને હોટલ સંચાલક વચ્ચે બોલાચાલી થઈ હતી. જે બાદ ઉશ્કેરાયેલા 5 જેટલા યુવાનોએ હોટલમાં મૂકેલા ટેબલો અને ખુરશીઓની તોડફોડ કરવાનું શરૂ કર્યું




હતું. તોફાની યુવકોએ હોટલની બહાર ઊભી રાખેલી લારીને પણ ઊંધી પાડી દીધી હતી. આટલેથી ન અટકતા યુવકોએ દુકાનના ગલ્લામાંથી રોકડ રકમ અને લેપટોપની લૂંટ ચલાવી હતી. ઘટના અંગે હોટલ માલિકે જણાવ્યા અનુસાર, તોડફોડ કર્યા બાદ આ યુવકો તેમની સ્કોર્પિયો ગાડી લાવ્યા હતા અને ફિલ્મી ઢબે હોટલ સંચાલક પર ગાડી ચઢાવી જાનથી મારી નાખવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ ગાડીમાંથી બંદૂક જેવું હથિયાર કાઢીને ધમકી આપતા કહ્યું હતું કે, "જો કંઈ પણ કર્યું છે તો આગામી સમયમાં તમારી હોટલ બંધ કરાવી દઈશું." હોટલ માલિકના જણાવ્યા મુજબ આ યુવકો અમદાવાદના 'જીલિયા ગ્રુપ'ના હોવાનું સામે આવ્યું છે. યુવકો દ્વારા મચાવવામાં આવેલો આ આતંક હોટલમાં લાગેલા CCTV કેમેરામાં કેદ થઈ ગયો છે. હોટલ માલિકે આક્ષેપ કર્યો છે કે ઘટના બનતા જ પોલીસને તાત્કાલિક કોલ કરવામાં આવ્યો હતો, પરંતુ પોલીસ અડધો કલાક પછી ઘટનાસ્થળે પહોંચી હતી. હાલ CCTV ફૂટેજના આધારે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.અને સમગ્ર ઘટના ને લઈને વિસ્તારમાં ભય નો માહોલ જોવા મળી રહ્યો છે

### હરિયાણા ગુડગાંવથી મરાઝો ગાડી લઇને નીકળ્યા હતાં

# ખંગેલા ચેકપોસ્ટ પરથી રૂપિયા ૨.૯૮ લાખની દારૂની ૭૧ બોટલ પોલીસે ઝડપી

(પ્રતિનિધિ) દાહોદ તા.30
ગઈકાલે રાતે કતવારા પોલીસની ટીમ ગુજરાત અને મધ્યપ્રદેશની જોડતી ખંગેલા ચેકપોસ્ટ પર વાહન ચેકિંગ કરી રહી હતી. તે દરમિયાન મધ્યપ્રદેશ બાજુથી દિલ્હી પાસિંગની ડીએલ ૧૨ સી ક્યુ-૬૧૮૯ નંબરની મહિન્દ્રા કંપનીની મરાઝા ૭ સીટર સર ફોરવીલ ગાડી લક્ઝરીયસ વિદેશી દારૂની બોટલો લઈ આવતી હોવાની ગુપ્ત બાતમી કતવારા પોલીસને મળતા પોલીસની ટીમ સતર્ક બની હતી. તે દરમિયાન રાત્રિના સાડા નવેક વાગ્યાના સુમારે બાતમીમાં દર્શાવેલ દિલ્હી પાસિંગની મરાઝા ફોરવીલ ગાડી નજીક આવતા જ પોલીસે તેને ચારે બાજુથી ઘેરી લીધી હતી. અને ગાડીની તલાસી લઈ ગાડીમાંથી રૂપિયા ૩૫,૮૦૮/-ની કિંમતની બ્લેક લેબલ ૭૫૦ એમ.એલની કાચની બોટલ નંગ-૧૨, રૂપિયા ૪૭,૪૪૮/-ની કિંમતની ડબલ બ્લેક ૭૫૦ એમએલની કાચની બોટલ નંગ-૧૨, રૂપિયા ૩૭,૯૯૨/-નીકિંમતની ગ્રે ગ્રુસ ૭૫૦ એમએલની કાચની બોટલ નંગ-૧૨, રૂપિયા ૭૧,૮૦૮/-ની કિંમતની શીવાસ ૧૮ ૭૫૦ એમએલની કાચની બોટલ નંગ-૧૨, રૂપિયા ૨૦,૬૮૮/-ની કિંમતની ગાલીન ફિલ્ડ ૭૦૦ એમએલની કાચની બોટલ નંગ-૬, રૂપિયા ૬૭,૦૮૦/-ની કિંમતની ટકીલા-૭૫૦ એમએલની કાચની બોટલ નંગ-૧૨ તથા રૂપિયા ૧૮,૦૦૦/- ની કિંમતની હેન્ડ્રીક્સ ૭૦૦ એમ.એલ ની કાચની બોટલ નંગ-૫ મળી કુલ રૂપિયા ૨,૯૮,૮૨૪/-નિકુલકિંમતની કાચની છૂટી બોટલ નંગ-૭૧ પકડી પાડી ગાડીના ચાલક રાજસ્થાનના ઝાલોર જિલ્લાના ૫૫ વર્ષીય ચમનારામ ઉર્ફે ચીમનારામ ચૌધરી (જાટ) ની અટકાયત કરી તેની પાસેથી રૂપિયા ૧૦૦૦/-ની કિંમત ને મોબાઈલ ફોન પકડી પાડી સદર દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલ રૂપિયા ચાર લાખની કિંમતની મહિન્દ્રા કંપનીની ૭ સીટર ફોરવીલ ગાડી મળી કુલ રૂપિયા ૬,૯૯,૮૨૪/-નો મુદ્દામાલ પકડી પાડી કબજે લીધો લઈ અટકાયત કરાયેલા ફોરવીલ ગાડીના ચાલક ચમનારા ઉર્ફે ચીમનારામ ચૌધરી (જટ) તેમજ ગાડીમાં લક્ઝરીયસ વિદેશી દારૂની બોટલો ભરી આપનાર હરિયાણા ગુડગાંવના અજાણ્યા ઠેકાના માલિક મળી બે જણા સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### નીચાણવાળા વિસ્તારોનું સ્થળ નિરીક્ષણ હાથ ધરાયુ

# પંચમહાલ જિલ્લાનું વહીવટીતંત્ર ઓરેન્જ એલર્ટને લઈને સક્રિય

(પ્રતિનિધિ) ગોધરા તા.30
પંચમહાલમાં હવામાન વિભાગ દ્વારા આપેલ ઓરેન્જ એલર્ટના લઈને વહીવટી તંત્ર સક્રિય બન્યું છે. કલેક્ટર અજય દહિયાના માર્ગદર્શન હેઠળ NDRF-SDRF અને વહીવટી ટીમો દ્વારા ભારે વરસાદના કારણે સંભવિત અસરગ્રસ્ત વિસ્તારોનું નિરીક્ષણ કડા ડેમ, સૂકી નદી અને વણકબોરી ડેમ સહિતના નીચાણવાળા વિસ્તારોમાં સંયુક્ત આકારણી અને ફ્લડ મોનિટરિંગ હાથ ધરાયું જાંબુઘોડા, ગોધરા અને શહેરા તાલુકાના ભારે વરસાદના કારણે અસર થનાર સંભવિત ગામોમાં પરિસ્થિતિ પર સતત નજર હવામાન વિભાગ દ્વારા પંચમહાલ જિલ્લામાં ઓરેન્જ એલર્ટની આગાહી આપવામાં આવી છે, જેના પગલે પંચમહાલ



જિલ્લા કલેક્ટર અજય દહિયાના સીધા માર્ગદર્શન હેઠળ સમગ્ર જિલ્લા વહીવટી તંત્ર અગમચેતીના ભાગરૂપે એલર્ટ મોડ પર આવી ગયું છે. ભારે વરસાદની સ્થિતિમાં નાગરિકોની સુરક્ષા અને આપત્તિ વ્યવસ્થાપન સુનિશ્ચિત કરવા માટે NDRF, SDRF અને સ્થાનિક તંત્ર દ્વારા સંયુક્ત રીતે અસરગ્રસ્ત તથા નીચાણવાળા વિસ્તારોનું સ્થળ નિરીક્ષણ હાથ ધરવામાં આવ્યું છે.

### આમ આદમી પાર્ટી ૨ બેઠકો સાથે ખાતું ખોલાવવામાં સફળ રહી

# દેવગઢ બારીયા પાલિકા ચૂંટણીમાં ત્રણેય પક્ષો બબ્બે બેઠકો જીત્યા

(પ્રતિનિધિ) દાહોદ તા.30
દેવગઢ બારીયા નગરપાલિકાની પેટા ચૂંટણીના પરિણામો જાહેર થતાં જ સ્થાનિક રાજકારણમાં મોટો ગરમાવો આવી ગયો છે. મોડેલ સ્કૂલ ખાતે કડક સુરક્ષા વચ્ચે યોજાયેલી મતગણતરી એકંદરે શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી. આ પેટા ચૂંટણીના પરિણામોમાં ત્રિપાંખીયો જંગ જોવા મળ્યો છે, જેમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી (આપ) ત્રણેય પક્ષોના ફાળે બબ્બે બેઠકો ગઈ છે વોર્ડ નંબર -૧: ભાજપના ઉમેદવાર જયેન્દ્રસિંહ રાઉલજી વિજેતા જાહેર થયા છે. વોર્ડ નંબર - ૪: આ વોર્ડમાં આમ આદમી પાર્ટી (છઈ) એ જોરદાર પ્રદર્શન કર્યું છે. અહીંથી 'આપ' ના નિધિ





જૈન અને સરલાબેન મેડા બંને વિજયી બન્યા છે. વોર્ડ નંબર-૫: આ વોર્ડમાં ભારે રસાકસી જોવા મળી હતી.

અહીં કોંગ્રેસના અક્ષય સુથાર અને લક્ષ્મીબેન હરીજન વિજેતા બન્યા છે, જ્યારે ભાજપ તરફ થી શાહિલ મોહનીયા પણ પોતાની બેઠક જીતવામાં સફળ રહ્યા છે. નગરપાલિકાનું નવું પક્ષીય સમીકરણ:આ પેટા ચૂંટણીના પરિણામો બાદ દેવગઢ બારીયા નગરપાલિકા માં બેઠકોનું ગણિત બદલાયું છે. હાલની સ્થિતિએ નગરપાલિકા માં ભાજપ પાસે સૌથી વધુ ૯ બેઠકો છે. જ્યારે કોંગ્રેસ ૫ બેઠકો સાથે બીજા ક્રમે અને આમ આદમી પાર્ટી ૨ બેઠકો સાથે ખાતું ખોલાવવામાં સફળ રહી છે. જો કે, આ બધા વચ્ચે ૮ બેઠકો પર અપક્ષ ઉમેદવારો નો દબદબો યથાવત રહ્યો છે, જે આગામી સમયમાં સત્તાના સમીકરણો નક્કી કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે.

### ક્યુપિડ લિમિટેડનું GII હેલ્થકેર પ્લેટફોર્મમાં વધુ 5 મિલિયન ડોલરનું રોકાણ

વડોદરાઃ ક્યુપિડ લિમિટેડે જીઆઈઆઈ (GII) દ્વારા સંચાલિત હેલ્થકેર ઈન્વેસ્ટમેન્ટ પ્લેટફોર્મમાં 5 મિલિયન અમેરિકી ડોલરનું વધારાનું ફોલો-ઓન રોકાણ કરીને બંને કંપનીઓ વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારી વધુ મજબૂત બનાવી છે. સંપૂર્ણપણે આંતરિક ઉપાર્જનમાંથી કરાયેલા આ રોકાણથી જીઆઈઆઈની હેલ્થકેર રોકાણ વ્યૂહરચના અને લાંબા ગાળાના મૂલ્ય સર્જન પર કંપનીનો વિશ્વાસ વ્યક્ત થયો છે. કંપનીના જણાવ્યા મુજબ, જીસીસી ક્ષેત્રમાં વધતો હેલ્થકેર ખર્ચ, વધતી વસ્તી, વીમા કવરેજમાં વધારો અને સરકારી રોકાણને કારણે હેલ્થકેર ક્ષેત્રમાં લાંબા ગાળાની વૃદ્ધિની મોટી તકો છે. હાલ આ પ્લેટફોર્મ સાઉદી અરેબિયાની અગ્રણી હેલ્થકેર કંપનીમાં નોંધપાત્ર ઈક્વિટી હિસ્સો ધરાવે છે. GIIની કામગીરી સાઉદી અરેબિયા, યુએઈ, યુરોપ, અમેરિકા અને ભારતમાં વિસ્તરેલી છે.

### ઘોઘંબાના વીરાપર ગામેથી વાહન પણ રીકવર

# હાલોલમાંથી બાઈક ચોરી કરનાર બોટાદથી ઝડપાયો

(પ્રતિનિધિ) હાલોલતા.30
હાલોલ ટાઉન પોલીસ વિસ્તારમાંથી ચોરીની મોટરસાયકલ સાથે એક ઈસમને પકડી પોલીસે વાહન ચોરીના ગુનાનો ભેદ સફળતાપૂર્વક શોધી કાળીયો હતો નાયબ પોલીસ અધિક્ષક વી.જે. રાઠોડ ના માર્ગદર્શન હેઠળ હાલોલ ટાઉન પોલીસ ઈન્સ્પેક્ટર આર.કે. દેસાઈ તથા સર્વિલન્સ સ્ટીમના પોલીસ સબ ઈન્સ્પેક્ટર જે.બી. ઝાલા તથા સ્ટાફે ગુનો શોધવા કવાયત હાથ ધરી હતી.
પોલીસ ટીમે હ્યુમન સોર્સ અને ટેકનિકલ એનાલિસિસના આધારે એક શંકાસ્પદ વ્યક્તિની ઓળખ છતી કરી હતી ઓળખ છતી કરતા બોટાદ જિલ્લાના દેરાળા ગામેથી આરોપી જીવણ ઉર્ફે કમલેશ તુરસીંગ નાયક ( રહે. વડલી ભાભર તાલુકો કદવાલ જીલ્લો છોટાઉદેપુર ) ની અટકાયત



કરવામાં આવી હતી આરોપીની કડક તપાસ કરતા પૂછપરછ છ દરમિયાન તેને કબુલાત કરી હતી કે આ મોટરસાયકલ ગત 19.5.2026 ના રોજ હાલોલ બસ સ્ટેન્ડના બાથરૂમ પાસેથી ચોરી કરવામાં આવી હતી અને તેને ઘોઘંબા તાલુકાના વિરાપુરા ગામખાતે રાખવામાં આવી હતી પોલીસે વિરાપુરા ગામેથી splendor plus બાઈક (Gj20 AF1540) રિકવર કરી હતી.

### કેન્દ્રીય મંત્રીને પત્ર લખી ઓવરબ્રિજ અને સર્કલ મંજૂર કરવા માંગ

# દાહોદથી પસાર થતાં NH-૪૭ પર અકસ્માતો રોકવા સાંસદની રજૂઆત

(પ્રતિનિધિ) દાહોદ તા.30
દાહોદ લોકસભા વિસ્તારમાંથી પસાર થતા નેશનલ હાઈવે-૪૭ (NH-૪૭) પર સતત વધી રહેલા ટ્રાફિક અને જનસુરક્ષાને ધ્યાનમાં રાખીને સાંસદ જસવંતસિંહ ભાભોરે કેન્દ્રીય સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીને એક મહત્વનો પત્ર લખીને રજૂઆત કરી છે. સાંસદ જસવંતસિંહ ભાભોરે પત્રમાં જણાવ્યું છે કે, નેશનલ હાઈવે-૪૭ પર આશરે ૨.૦૦ કિલોમીટરના એક ચોક્કસ વિસ્તારમાં સ્થાનિક તેમજ ભારે વાહનોનું ભારણ ખૂબ જ વધારે રહે છે. આ હાઈવે અલાઈનમેન્ટ સાથે મુખ્ય ૫ ગ્રામ્ય અને શૈક્ષણિક/તબીબી સંસ્થાઓના



સંપર્ક. માર્ગો સીધા જોડાય છે. જ્યાં રોજેરોજ ભારે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાય છે અને અકસ્માતોનો ભય સતત તોળાતો રહે છે. ક્રોસિંગ/પોઈન્ટ્સ પર ઓવરબ્રિજ અને સર્કલ બનાવવાની માંગ કરી જેમાં ૧. ગમલા ગામે તરફ જતો રસ્તો (MDR)૨. બોરખેડા ગામ તરફ જતો રસ્તો (MDR) ૩. ચંદવાણા ગામ તરફ જતો રસ્તો (MDR)૪. પુસરી એપ્રોચ રોડ (BR)૫.મુવાલીયા ક્રોસિંગ (જેની એક તરફ એગ્રીકલ્ચર કોલેજ અને બીજી તરફ ઝાયડસ મેડિકલ કોલેજ આવેલી છે)ખાસ કરીને મુવાલીયા ક્રોસિંગ વિસ્તારમાં મેડિકલ અને એગ્રીકલ્ચર કોલેજો હોવાના કારણે વિદ્યાર્થીઓ, દર્દીઓ અને સ્થાનિક નાગરિકોનીના માથે સતત અકસ્માતનો ભય રહે છે.

### દાહોદ જિલ્લામાં કાળોતરો કરડવાના બનેલા બે બનાવો

# ૫૫ વર્ષીય વૃદ્ધ સહિત બે જણાના અકાળે મૃત્યુ

(પ્રતિનિધિ) દાહોદ તા.30
દાહોદ જિલ્લામાં જુદી જુદી જગ્યાએ બનેલા સર્પદંશના બે બનાવો પૈકીનો એક બનાવ દાહોદ જિલ્લાના ગોવિંદ ગુરુ લીમડી તાલુકાના સીમલખેડી ગામે નિશાળ ફળિયામાં સવારમાં સાડા સાત વાગ્યાના સુમારે બનવા પામ્યો હતો જેમાં સીમલખેડી ગામના નિશાળ ફળિયામાં રહેતા ૫૫ વર્ષીય મનજીભાઈ દેવલાભાઈ માલીવાડ પોતાના ઘરની નજીકમાં આવેલ ઈલેક્ટ્રીક લાઈટના થાંભલા નીચે સાફ-સફાઈ કરી રહ્યા હતા. તે દરમિયાન થાંભલાના અર્થિંગના તારને અડી જતા અકસ્માતે સખત વીજ કરંટ લાગતા તેમનું સ્થળ પર જ મોત નીપજ્યું હતુ. આ સંબંધે મરણ જનાર મનજીભાઈ માલીવાડના નાનાભાઈ નરસિંગભાઈ દેવલાભાઈ માલીવાડે લીમડી પોલીસ સ્ટેશનમાં લેખિત જાણ કરતા લીમડી પોલીસે આ મામલે સીઆરપીસી ૧૭૪ મુજબ અકસ્માત મોતના ગુનાના કાગળિયા કરી આગળ વધુ તપાસ હાથ ધરી છે. જિલ્લામાં સર્પદંશનો બીજો બનાવ ગરબાડા તાલુકાના માતવા ગામે ડામોર ફળિયામાં બપોરના બાર વાગ્યાના સુમારે બનવા પામ્યો હતો. જેમાં માતવા ગામના ડામોર ફળિયામાં રહેતા ૩૧ વર્ષીય સુરેખાબેન શૈલેષભાઈ બચુભાઈ માવી પોતાના ઘરે કામ કરી રહ્યા હતા તે દરમિયાન ઘરમાં નીકળેલ કાળોતરો સુરેખાબેનના જમણા પગે કરડી જતા કાળોતરાનું કાતિલ ઝેર સુરખાબેનના આખા શરીરમાં પ્રસરી જતા તેઓને સારવાર માટે દવાખાને ખસેડવામાં આવે તે પહેલા જ તેનું પોતાના ઘરે જ મૃત્યુ નીપજ્યું હતું.

### કાલોલના બોરૂ ગામની ગોમાં નદીમાં ભૂમાફિયાઓનો આતંક

# ગ્રામજનોમાં ગેરકાયદે ખનને પગલે રોષ :મામલતદારને આવેદનપત્ર

(પ્રતિનિધિ) કાલોલ તા.30
કાલોલ તાલુકામાં આવેલા બોરૂ ગામની સીમમાં પસાર થતી ગોમાં નદીના તટ પર છેલ્લા કેટલાક સમયથી બેફામપણે ચાલી રહેલા ગેરકાયદેસર માટી અને રેતીના ખનન સામે સ્થાનિક રહીશોમાં ભારે રોષ વ્યાપ્યો છે. બોરૂ ગામની હદમાં ગોમાં નદીના પટમાંથી કેટલાક માથાભારે અને રાજકીય વગ ધરાવતા ઈસમો દ્વારા રાત-દિવસ ગેરકાયદેસર રીતે માટી અને રેતીની ચોરી કરવામાં આવી રહી છે. બોરૂ ગામના રહીશો જ્યારે આ અંગે સરપંચ તથા તલાટી કમ મંત્રીને મૌખિક રજૂઆત કરવા ગયા ત્યારે તેઓને ધમકીઓ આપવામાં આવી હોવાનો ગંભીર આક્ષેપ



કરાયો છે. આવી ધમકીઓના કારણે સ્થાનિક લોકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો, છતાં ખનન માફિયાઓ સામે કોઈ કાર્યવાહી ન થતાં ખનીજ ચોરી આજદિન સુધી બેરોકટોક ચાલુ રહી છે. ગોમાં નદીના તટ પર આડેધડ થઈ રહેલા ગેરકાયદેસર ખણ-ખોદના કારણે નદીના કુદરતી માળખાને અને પર્યાવરણને ગંભીર નુકસાન પહોંચ્યું છે. ગામના અરજદારો બેલીમ ઈરસાદમહંમદ નુરમહંમદ, બેલીમ શહીદખાં ઈબ્રાહીમખાં, પઠાણ સાહીરખાન સિરાજખાન, બેલીમ રાહીદભાઈ હનીફભાઈ તથા અન્ય જાગૃત ગ્રામજનોએ આવેદન પત્ર આપી સ્પષ્ટ ચીમકી આપી છે કે જો વહેલી તકે આ ગેરકાયદે ખનન અટકાવી જવાબદારો સામે કાર્યવાહી કરવામાં નહીં આવે, તો તેની તમામ જવાબદારી અધિકારીઓની રહેશે અને તેમની વિરુદ્ધ 'તાલુકા સ્વાગત', 'જિલ્લા સ્વાગત' અને 'રાજ્ય સ્વાગત' કાર્યક્રમમાં સીધી રજૂઆત કરવામાં આવશે તેવી ચીમકી ઉચ્ચારી ઉચ્ચ અધિકારીઓ ને પણ નકલો મોકલી આપી છે.

### માલધારી સમાજે મામલતદારને આવેદનપત્ર આપ્યું

# કાલોલ ખાતે ગૌવંશના હત્યારાઓ વિરુદ્ધ રોષ



(પ્રતિનિધિ) કાલોલ તા.30
કાલોલ ખાતે ગેરકાયદેસર ગૌવંશ કતલખાના ઝડપાવાની ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં ભારે રોષ અને આક્રોશનો માહોલ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને હિન્દુ સમાજમાં પવિત્ર ગણાતી ગાય ની કત્લ કરતા તત્વો સામે ગઈકાલે પણ આવેદન પત્ર આપવામાં આવ્યું હતુ અને આજે ગૌ હત્યાની ઘટનાના વિરોધમાં સમસ્ત કાલોલ તાલુકાના માલધારી સમાજ દ્વારા મામલતદારને એક આવેદનપત્ર સોંપીને દોષિતો સામે કડકમાં કડક કાર્યવાહી કરવાની પ્રબળ માંગ કરવામાં આવી છે. ગત ૨૭ જુલાઈ ૨૦૨૬ના રોજ કાલોલના કસ્બા અને સડક ફળિયા વિસ્તારમાં કાલોલ પોલીસ દ્વારા પાડવામાં આવેલા દરોડા દરમિયાન ઘરોમાં ગેરકાયદેસર રીતે ગૌવંશની કતલ કરી માંસનું વેચાણ કરાતું હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે સ્થળ પરથી જીવંત ગૌવંશને ઉગારી લીધા હતા આ કૃત્યમાં સંડોવાયેલા આરોપીઓની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

### દાહોદના રામાનંદ પાર્ક ખાતે ગુરૂપૂર્ણિમા મહોત્સવની ઉજવણી

દાહોદ : ગુરૂ પૂર્ણીમા ના પાવન પર્વ નિમિત્તે દાહોદ જિલ્લામાં ગુરુપુજન. ગુરુ વંદના જેવા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા રામજી મહારાજ મંદિર ટ્રસ્ટ દાહોદ ના મહત મહામંડલેશ્વર શ્રી જગદીશદાસજી મહારાજશ્રીના સાનિધ્ય માં દાહોદ માં આવેલ આસ્થા ના કેન્દ્ર સમાન રામાનંદ પાર્ક પરિસરમાં ગુરુપુજન. તથા પાદુકા પુજન નો કાર્ય ક્રમ રાખવામાં આવ્યો હતો આ અવસરે સામાજિક આગેવાનો. તથા દાહોદ પંચમહાલ જિલ્લા ના હરિભકતો શ્રધ્ધાળુઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને ગુરુ પૂર્ણિમા ના દિવસ નિમિત્તે ગુરુ પુજન અર્ચન કરી ધન્યતા અનુભવી હતી શ્રી જગદીશદાસજી મહારાજશ્રી એ ગુરુ પૂર્ણિમા ના પર્વ નું મહત્વ સમજાવી ઉપસ્થિત સૌને આશિર્વાદ આપ્યાહતા અને સૌએ ભોજન પ્રસાદી લઈ આનંદ લીધો હતો.

### અનાજનું પોટલું લઈને વિધવા માતા-પુત્ર મામલતદાર કચેરીએ પહોંચ્યા

# સંજેલીમાં સરકારી અનાજની દુકાન સામે ગંભીર આક્ષેપ

(પ્રતિનિધિ) દાહોદ તા.30
દસોડ જિલ્લાના સજેલી તાલુકાના સંજેલી નગરમાં આવેલી સરકારી અનાજની દુકાન સાથે ગંભીર આક્ષેપો સાથે વિધવા લાભાર્થી અને તેમના પુત્રએ અનાજનું પોટલું માથે મૂકી મામલતદાર કચેરીએ પહોંચી લેખિત રજુઆત કરી હતી. અરજી મુજબ માડલી રોડ સ્થિત અરવિદભાઈ પીઠડયા સંચાલિત સરકારીઅનાજની દુકાનમાંથી વિધવા લાભાર્થી લમીબેન રમણભાઈને નિયમ મુજબ મળવાપાત્ર જથ્થા કરતા ઓછું અનાજ આપવામાં આવે છે. અરજદારના જણાવ્યા અનુસાર 20 કિલો ચોખાની પાવતી કાઢવામાં આવે છે. પરંતુ માત્ર અંદાજે 18 કિલો ચોખા આપવામાં આવે છે. તેવી જ






રીતે 19 કિલોગ્રામની પાવતી સાથે 13 કિલો ઘઉં આપવામા આવતો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. અરજદારે જણાવ્યું છે કે આ મુદ્દે દુરાનદાર રામે ત્રણ વખત બોલાચાલી થઈ હોવા છતા કોઈ ઉકેલ આવ્યો નથી અને સતત ઓછુ અનાજ આપવામાં આવે છે. ગરીબ અને વિધવાના લાભાર્થીઓના હક્કના અનાજમાં ગેરરીતિ થતી હોવાનો આક્ષેપ અરજી મા કરવામાં આવ્યો છે. અરજીમાં વધુ એક ગભીર આક્ષેષ કરવામાં આવ્યો છે કે દુકાનદારે પોતે મામલતદારને હપ્તો આપનો હોવાનો ઠાવો કરીને મનમાની ચલાવતો હોવાની વાત પણ અરજદારે લેખિતમાં રજૂ કરી છે. નોંધનીય છે કે આ દાવો અરજદાર દ્વારા કરવાયા આવેલ આક્ષેપ છે, જેની સહાર પુષ્ટિ થઈ નથી.અરજદારે સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ હાથ ઘરી જવાબદાર સામે કડક કાર્યવાહી કરવા તેમજ ગરીબ, વિઘવા અને અન્ય જરૂરિયાત મંદ લાભાર્થીઓને તેમના હાલનું સંપૂર્ણ અનાજ મળે તે માટે યોગ્ય ન્યાય આપવાની માગ કરી છે.

### કાલોલ વિસ્તારમાં ભૂમાફિયાઓ બેફામ

# જેતપુર રોડ પરથી મામલતદારે રેતી ભરેલું ટ્રેક્ટર ઝડપી પાડ્યું

(પ્રતિનિધિ) કાલોલ તા.30
કાલોલ તાલુકામાં રેતી માફિયાઓએ અગાઉ કાલોલની સ્મશાનભૂમિ પાસેથી મોટા પ્રમાણમાં રેતીનો સ્ટોક ખાલી કરી નાખ્યો હતો. ત્યાર બાદ રાવણ દહન સ્થળ અને શિશુ મંદિર શાળાની પાછળ અડ્ડો જમાવી વિપુલ પ્રમાણમાં ગેરકાયદેસર ખનન આચર્યું હતું. હાલમાં બોરૂ ગ્રામ પંચાયત વિસ્તાર સહિત મેદાપુર અને જેતપુર પટ્ટામાં બેફામ રીતે ખનન ચાલી રહ્યું હોવાની સ્થાનિક સ્તરે વ્યાપક ચર્ચાઓ છે.

આ સમગ્ર ગેરકાયદેસર કારોબારમાં સ્થાનિક આગેવાનોની જ છૂપી સંડોવણી હોવાના પણ આક્ષેપો થઈ રહ્યા છે.દરમિયાન, આજરોજ ગેરકાયદેસર વહન પર રોક લગાવવા માટે મામલતદાર વિકાસ પટેલે મેદાપુર-જેતપુર રોડ પર ઓચિંતું ચેકિંગ હાથ ધર્યું હતું. ચેકિંગ દરમિયાન રેતી ભરીને પસાર થતા એક ટ્રેક્ટરને રોકી તેના ચાલક પાસે પાસ-પરમિટ માંગતા કોઈ પણ પ્રકારના કાયદેસરના આધાર-પુરાવા મળી આવ્યા ન હતા.

આથી મામલતદારે ત્વરિત કાર્યવાહી કરી ટ્રેક્ટરને મામલતદાર કચેરી ખાતે સીઝ કરાવી આગળની કાયદાકીય તપાસ શરૂ કરી છે. સરકારી તિજોરીને કરોડો રૂપિયાનો ચૂનો ચોપડતા આવા રેતી માફિયાઓ સામે માત્ર એકાદ-બે વાહનો ડિટેઈન કરવા પૂરતું સીમિત ન રહેતા, સમગ્ર નેટવર્ક પર સજ્જડ અને નક્કર કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાગ ઉઠી છે.